RNI. No.GUJGUJ/2014/56392

# ક્રાઈમ કિંગ
Crime King
Weekly

Editor : NIKITA R. SAXENA (Mo) 98796 16556 *AT.:45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.

*Year : 7 * Issue No. 36 *Date:25.12.2020 *Friday *Page :04 *Rs. 01.00 *Annual Rs. 50/-

# સસ્તા ભાવે કસ્ટમનું ડ્રાયફ્રૂટ ખરીદવાની લાલચમાં મહિલાએ હજારો રૂપિયા ગુમાવ્યાં



અમદાવાદ,

'લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે' આ કહેવતને સાર્થક કરતો કિસ્સો અમદાવાદ શહેરમાં સામે આવ્યો છે. આ મામલે અમદાવાદના સાઈબર સેલમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ફરિયાદ પ્રમાણે એક મહિલાએ ઑનલાઇન પેમેન્ટ કર્યા બાદ માલ ન મળતાં પોતે છેતરપિંડીનો ભોગ બની હોવાનું જણાવ્યું છે. મહિલાએ ફેસબુક ઉપર એક જાહેરાત જોઈ હતી, જેમાં સસ્તા ભાવે ડ્રાયફ્રૂટ આપવાની જાહેરાત હતી. જેથી મહિલાએ ઓર્ડર બુક કરાવ્યો હતો. સામેવાળી વ્યક્તિએ એડવાન્સ પેમેન્ટ મેળવી લઈ ૧૨ હજાર રૂપિયા પડાવી લીધા હતા. મહિલાએ જ્યારે આ શખ્સને સસ્તા ભાવે કેવી રીતે ડ્રાયફ્રૂટ આપો છો તે બાબતે પૂછતા શખ્સે જણાવ્યું હતું કે, પોતે મુન્દ્રા પોર્ટ પર કામ કરે છે અને ત્યાંના અધિકારીઓ સાથે સાંઠગાંઠ છે. આથી તેને સસ્તામાં માલ મળી જાય છે. તાજેતરમાં જુલાઈ માસમાં તેઓ ઘરે હાજર હતા ત્યારે તેમની પાસે કોઈ કામધંધો ન હોવાથી તેમને કાજુ બદામનો ધંધો કરવો હતો. જેથી તેઓએ તેમના ફેસબુકમાં માર્કેટ પ્લેસમાં જોતા એક આઈડી મળી આવ્યું હતું. જે આઈડી ઉપર સર્ચ કરતા તેમાં ડ્રાયફ્રૂટની જાહેરાત મૂકવામાં આવી હતી. આ જાહેર ખબરમાં ડ્રાયફ્રૂટનો ભાવ બજાર ભાવ કરતા સસ્તો હોવાથી તેઓએ પૂછપરછ કરી હતી. બાદમાં સામેવાળા વ્યક્તિએ ફેસબુક મેસેન્જરમાં મોબાઈલ નંબરની આપ લે કરી હતી. સામેની વ્યક્તિએ ગુજરાતીમાં વાત કરીને પોતે મુન્દ્રા પોર્ટ ઉપરથી રાજુભાઈ બોલતા હોવાનું જણાવ્યું હતું.

નમ્રતાબેને જ્યારે પૂછ્યું કે તેઓ ડ્રાયફ્રૂટ આટલા સસ્તા ભાવે કેવી રીતે આપે છે ત્યારે રાજુભાઈ નામના શખ્સે જણાવ્યું હતું કે, પોર્ટ પર કસ્ટમના સાહેબ જોડે તેની સાંઠગાંઠ હોય છે. આ કારણે આ બધી વસ્તુઓ સસ્તા ભાવે વેચે છે. બાદમાં આ શખ્સે નમ્રતાબેનના વોટ્સએપ નંબર ઉપર ડ્રાયફ્રૂટના ફોટા મોકલ્યા હતા. જેથી નમ્રતાબેન વિશ્વાસ આવી ગયા હતા અને ડિલિવરી અને પેમેન્ટ બાબતે ઈક્વાયરી કરી હતી.

નમ્રતાબેને ૫૦ કિલો કાજુ અને ૧૦ કિલો બદામનો ઓર્ડર આપ્યો હતો. જેનો ભાવ રાજુ નામના શખ્સે ૩૦,૦૦૦ રૂપિયા આપ્યો હતો. ઓર્ડરની કિંમતની અડધી રકમ હાલ અને અડધી કિંમત ઓર્ડર મળી ગયા બાદ આપવાનું કહ્યું હતું. આ રકમ ઓનલાઈન ચૂકવી દેવાનું જણાવ્યું હતું. આ રીતે રાજુ નામના શખ્સે પહેલા છ હજાર રૂપિયા મેળવી લીધા હતા. બાદમાં થોડા દિવસ બાદ નમ્રતાબેનના ફોન ઉપર મેસેજ આવ્યો હતો કે ડ્રાઈવર દીપક સામાનની ગાડી લઈને નીકળી ગયો છે. બીજા દિવસે અમદાવાદ પહોંચશે. આ તમામ બાબતોને લઈને નમ્રતાબેન ઓનલાઈન ૧૨,૮૫૦ રૂપિયા ચૂકવી દીધા હતા. જે બાદમાં માલ ન મળતા મહિલાએ સાઈબર ક્રાઈમમાં ફરિયાદ આપી છે.

## ગુજરાતમાં ૧૩ હજારથી વધુ પોલીસ કર્મીઓની કરાશે ભરતી



ગાંધીનગર,

ગુજરાતમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સંગીન બનાવવા સારૂ, પોલીસ કર્મીઓનો વ્યાપ વધારવા અને પોલીસ સ્ટેશનોની સંખ્યામાં પણ વધારો કરવા માટે પણ અમારી સરકારે સઘન આયોજન કર્યું છે. છેલ્લાં સાત વર્ષમાં ગુજરાતમાં ૪૯,૦૦૦થી વધુ પોલીસ કર્મીઓની ભરતી કરવામાં આવી છે. અને આગામી વર્ષે વધુ ૧૩,૦૦૦ કર્મીઓની ભરતી કરાશે એવું ગૃહરાજ્ય પ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, પોલીસ કર્મીઓને આધુનિક ટેક્નોલોજીથી સુસજ્જ કરી તેના ઉપયોગ કરવા માટે તાલીમ સહિતની સુવિધાઓ પણ રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેરે જળવાઈ રહે એ માટે પોલીસ તંત્ર અને ગૃહ વિભાગ એક ટીમ તરીકે કામ કરી રહી છે ત્યારે મેનપાવર, સ્કીલ અપગ્રેડેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન અને ટેક્નોલોજીનો ઉપયોગ વધારવા પણ રાજ્ય સરકાર આગળ વધી રહી છે.

રાજ્યમાં કન્વિક્શન રેટ વધે તે માટે કન્વિક્શન ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. તેમાં ૨૪ કલાક તપાસ માટે માર્ગદર્શન મળી રહે તેવું આયોજન થઈ રહ્યું છે. નિવૃત્ત પોલીસ અધિકારીને પૈરવી ઓફિસર તરીકે નિમવાની જોગવાઈ કરાઈ છે. આ પ્રોજેક્ટ હેઠળ ઈન્વેસ્ટિગેશન માટે અલાયદો રૂમ, કોલ સેન્ટર, એફઆઈઆર ડ્રાફ્ટીંગ માટે રક્ષાશક્તિ યુનિવર્સિટીના સંકલનમાં રહી પોલીસ કર્મચારીઓને તાલીમની સુવિધા તથા એફએસએલની સેવાઓને વધુ સંગીન રીતે લાભ લેવાશે એવું જાડેજાએ ઉમેર્યું હતું.

## દાહોદમાં કોરોના રી-ઈન્ફેક્શનનો પ્રથમ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ

દાહોદ,

વૈશ્વિક બિમારી કોરોના વાયરસે હાલ તો નવું સ્વરૂપ બદલીને દુનિયામાં ડરનો માહોલ બનાવી દીધો છે. ત્યારે ગુજરાતના દાહોદમાં કોરોના રી-ઈન્ફેક્શનનો પ્રથમ કેસ નોંધાયો છે. કોરોના દર્દીને અગાઉ ૯ મહિના પહેલા કોરોના પોઝિટીવ થયા હતા, ત્યારે તેજ વ્યક્તિ ફરી રિ-ઈન્ફેક્શન થતાં જિલ્લાના પ્રથમ રિ- ઈન્ફેક્ટેડ કોરોના પોઝિટિવ જાહેર થયા છે. લીમડીના આરોગ્ય કર્મીને ફરીથી કોરોના થતાં હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયો છે. અગાઉ એપ્રિલમાં આજ વ્યક્તિ કોરોનાથી સંક્રમિત થયા હતા.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, દાહોદમાં દાહોદ આરોગ્ય વિભાગ દ્વારા ચાલતી કાર્યવાહી અંતર્ગત મંગળવારે તાલુકા પંચાયત વિસ્તારમાં ચેકીંગ હાથ ધરીને માસ્ક વિના ખુલ્લા મોઢે ફરતા લોકોને પકડીને ફરજ ઉપર જ રેપીડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. માસ્ક વિના ઝડપાયેલા વ્યક્તિઓ પૈકી એક વ્યક્તિનો રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવતા ખળભળાટ મચી ગયો હતો. બાદમાં તેને સત્વરે હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો છે. તો બાકીના ૨૪ જણાના લોકોના રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ હાશકારો લીધો હતો.

આ વ્યક્તિની ઈતિહાસ જોતા ચારેબાજુ ચર્ચા જાગી હતી. અગાઉ આ વ્યક્તિને કોરોના થયો હોવાનો ખુલાસો થયો હતો. ત્યારબાદ દાહોદમાં કોરોના રી-ઈન્ફેક્ટેડ થયો હોવાનો પ્રથમ કેસ સામે આવ્યો હોવાની વાત સામે આવી હતી. આ વ્યક્તિ એપ્રિલ મહીનામાં પોઝીટીવ આવ્યા બાદ ૯ માસ પછી પુનઃ સંક્રમિત થયો છે. લીમડીના આરોગ્ય કર્મી પુનઃ પોઝીટીવ આવતા હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

## પોલીસે બુટલેગર ભૂપેન્દ્ર મારવાડીને ૭૨૦ લિટર દેશી દારુ સાથે ઝડપી પાડ્યો

અમદાવાદ,

શહેરના સાબરમતી અને રાણીપ વિસ્તારમાં દેશી દારૂ સપ્લાઈ કરનાર બૂટલેગર ભૂપેન્દ્ર મારવાડીનો ૭૨૦ લિટર દેશી દારૂનો જથ્થો ડીસીપી ઝોન ૨ સ્ક્વોડની ટીમે ઝડપી પાડ્યો છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. ભૂપેન્દ્ર મારવાડીના કહેવાથી આરોપી મહેસાણાથી ગાડીમાં દારૂના થેલા ભરી સાબરમતી ડી-કેબિનથી કાળીગામ આવી ભીખા છારાને ત્યાં આપવા જતો હતો. રાત્રિ કર્ફ્યૂમાં ડીસીપી ઝોન ૨ સ્ક્વોડની ટીમે મોટો દારૂ ઝડપતાં સાબરમતી પોલીસની ચેકિંગની પોલ ખુલ્લી પડી ગઈ છે. ડીસીપી ઝોન ૨ના વિજય પટેલની સ્ક્વોડને બાતમી મળી હતી કે સાબરમતી-રાણીપ વિસ્તારનો બૂટલેગર ભૂપેન્દ્ર મારવાડીએ મોટા પ્રમાણમાં દેશી દારૂનો જથ્થો મગાવ્યો છે અને સાબરમતી વિસ્તારમાં સપ્લાઈ કરવાનો છે, જેના આધારે સ્ક્વોડની ટીમે ડી-કેબિન ફાટકથી કાળીગામ રોડ પર વેરાઈ માતાના મંદિર પાસે વોચ ગોઠવી હતી. બાતમીવાળી ગાડી આવતાં જ પોલીસે એને રોકી હતી. પોલીસે કારમાં તપાસ કરતાં મોટી ડેકીમાં અને આગળના ભાગે થેલા મળી આવ્યા હતા, જેમાં દેશી દારૂની પોટલીઓ ભરેલી હતી. કારચાલકનું નામ પૂછતાં વીરેન્દ્ર દંતાણી (રહે. હાઉસિંગ બોર્ડ, ચાંદખેડા) હોવાનું જણાવ્યું હતું.

## ૪ જાન્યુ.થી હાઈકોર્ટના ન્યાયાધીશ કોર્ટ પરિસરની ચેમ્બરમાંથી વીડિયો કોન્ફરન્સથી સુનાવણી કરશે

અમદાવાદ

કોરોના મહામારીને લીધે ગુજરાત હાઈકોર્ટમાં છેલ્લા ૯ મહિનાથી જજીસ પોતાના સરકારી બંગલેથી વીડિયો કોંફરન્સથી કેસની સુનાવણી કરતા હતા, પરંતુ ૪ જાન્યુઆરી ૨૦૨૧થી તમામ ન્યાયાધીશ ગુજરાત હાઈકોર્ટ પરિસરમાં આવેલ તેમના ચેમ્બરમાં બેસીને વિડિયો કોંફરન્સથી કેસની સુનાવણી કરશે. ૨૩મી ડિસેમ્બરના રોજ ગુજરાત હાઈકોર્ટની રજીસ્ટ્રી દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર પ્રમાણે જણાવવામાં આવ્યું છે કે ૪ જાન્યુઆરી ૨૦૨૧ના રોજથી ગુજરાત હાઈકોર્ટના તમામ ન્યાયાધીશ કોર્ટ પરિસરમાં આવેલા તેમના ચેમ્બરમાંથી કેસનો વીડિયો કોન્ફરન્સિંગ મારફતે સુનાવણી હાથ ધરશે. ૨૦મી ડિસેમ્બરના રોજ ગુજરાત હાઈકોર્ટની કમિટિ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટની રજીસ્ટ્રીએ કોર્ટને લગતા તમામ વિભાગના વડા અને અધિકારીઓને ચેમ્બરમાંથી વીડિયો કોન્ફરન્સ થકી સુનાવણી માટે વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનો આદેશ કર્યો છે.

## તંત્રી સ્થાનેથી......

કેવડિયા ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટી સહિતના પ્રવાસન સ્થળોએ લઈ જતી ખાનગી એજન્સીના ડ્રાઈવરો હડતાળ પર ઉતરી ગયા છે. નાતાલની રજાઓના સમયે જ ડ્રાઈવરો હડતાળ પર ઉતરી જતા પ્રવાસીઓ અટવાઈ ગયા છે. ખાનગી એજન્સી દ્વારા ડ્રાઈવરોને છેલ્લા ૨ મહિનાથી પગાર આપવામાં આવ્યો નથી અને પગાર માંગતા ડ્રાઈવરોને છૂટા કરી દેવામાં આવે છે, જેથી ડ્રાઈવરોમાં રોષ જોવા મળી રહ્યો છે. કેવડિયા ખાતે પ્રવાસીઓને સ્ટેચ્યૂ ઓફ યુનિટી સહિતના તમામ પ્રવાસન સ્થળો જોવા માટે ખાનગી લકઝરી બસમાં લઈ જવાય છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ચાલતી ખાનગી એજન્સીમાં કામ કરતા બસના ડ્રાઈવરને કોરોના કાળમાં નિયમિત પગાર મળતો નથી અને છેલ્લા બે મહિનાથી તો તેઓને પગાર ચુકવવામાં આવ્યો જ નથી. જેથી ડ્રાઈવરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને લોકડાઉનમાં પણ ડ્રાઈવરોને પગાર ચુકવવામાં આવ્યો નહોતો. આ દરમિયાન આજે ડ્રાઈવરો અચાનક જ હડતાળ પર ઉતરી ગયા છે અને સમયસર પગાર આપવાની માંગ કરી રહ્યા છે. આ ઉપરાંત છેલ્લા ૨ મહિનાનો પગાર પણ તાત્કાલિક ચુકવી દેવાની તેઓની માંગ છે. નાતાલ તહેવાર નજીક છે, ત્યારે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે પ્રવાસીઓની ભીડ પણ જામી છે. આ સમયે જ ડ્રાઈવરો હડતાળ પર ઉતરી જતા સ્ટેચ્યૂ ઓફ યુનિટી સહિતના પ્રવાસન સ્થળો જોવા માટે પહોંચેલા પ્રવાસીઓ મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. જેને પગલે તંત્ર દ્વારા સમાધાન કરવાનો પ્રયાસ ચાલી રહ્યા છે.

# ૨ કલાકની સર્જરી બાદ અમદાવાદ સિવિલના ડોક્ટરોએ સગર્ભાની પ્રસૂતિ કરાવી

અમદાવાદ,

કોરોનાકાળમાં અમદાવાદના ઓઢવ વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષીય પાર્વતીબેન કે જેઓ અગાઉ ટી.બી.ની બિમારીથી પીડાતા હતા. ગર્ભાવસ્થા દરમિયાન ૮માં માસે તેઓને તકલીફ જણાઇ આવતા સામાન્ય તપાસ અર્થે હોસ્પિટલમાં ગયા. હોસ્પિટલમાં સોનોગ્રાફી કરાવવામાં આવતા કંઇક ગંભીર અને પહેલા ક્યારેય ન જોયુ હોય તેવી પરિસ્થિતિ જણાઇ આવી હતી. જેથી ત્યાંના તબીબોએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે જવા કહ્યુ. પાર્વતીબેન સોનોગ્રાફીના રિપોર્ટ સાથે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આવી પહોંચ્યા.

અહીં ગાયનેક વિભાગના વડા ડૉ. અમિય મહેતાની ટીમ દ્વારા તેમની પ્રાથમિક તપાસ કરવામાં આવી. તેઓનો કોરોના રિપોર્ટ પણ કરવામાં આવ્યો જે નેગેટિવ આવ્યો પરંતુ તેઓને ન્યૂમોનિયાની અસર હતી. અન્ય તબીબી તપાસ દરમિયાન પાર્વતીબેનનો ગર્ભ ગર્ભાશયની બહાર બન્યો હોવાનું જણાઇ આવ્યુ.જે જોઇ તમામ તબીબો આશ્ચર્ય ચકિત થઈ ગયા હતા. આ જોતા તબીબો પાર્વતીબેનની સોનોગ્રાફી, એમઆરઆઇ તેમજ અન્ય રીપોર્ટ કરાવવામાં આવતા જાણવા મળ્યુ કે પાર્વતીબેનના પ્લેસેન્ટા અને ગર્ભ બંને ગર્ભાશયની બહાર પેટના ભાગમાં વિકસિત છે.

તેમના પ્લેસેન્ટાનો ભાગ પેટના વિવિધ અંગો જેવા કે આંતરડા, કિડની સાથે જોડાયેલો હોવાથી આ તમામ પરિસ્થિતીસિથે પ્રસુતિ ખૂબ જ પડકારજનક બની રહી હતી. આવા પ્રકારની પ્રસુતિમાં નિષ્ણાંત અને અનુભવી તબીબોના માર્ગદર્શન અને સંકલનની ખાસ જરૂર પડતી હોય છે. તેમજ આવા પ્રકારના કેસમાં ગહન અભ્યાસ પણ જરૂરી બની રહે છે.

# જામનગરના મોરકંડા નજીક માલવાહક વાહને પદયાત્રીઓને અડફેટે લેતાં ૩નાં મોત

જામનગર

જામનગર નજીક મોરકંડા ગામ નજીક ગમખ્વાર અકસ્માત થયો છે, જેમાં માલવાહક વાહને રસ્તા પરથી પસાર થઈ રહેલા પદયાત્રીઓને અડફેટે લેતાં ત્રણ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે એક વ્યક્તિની હાલત ગંભીર હોવાથી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. ઘટનાને પગલે લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં. પોલીસને જાણ થતાં જ દોડી આવી મૃતકોના મૃતદેહને પીએમ માટે



હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

પદયાત્રીઓ મોરબી નજીક મચ્છુ માતાજીના મંદિરે પગપાળા જઈ રહ્યા હતા. જામજોધપુરના સોનવાડિયા ગામના રહેવાસી કેશભાઈ પોલાભાઈ રાડા (ઉ.વ.૧૮), પોલાભાઈ જેઠા, ભોજભાઈ ગોકળભાઈ ભરવાડ (ઉ.વ.૫૦), કવાભાઈ અને ટીડાભાઈ અમરાભાઈ ભરવાડ મોરબી નજીક મચ્છુ માતાજીના મંદિરે પગપાળા જવા નીકળ્યા હતા. ત્યારે માલવાહક વાહને પાંચેયને અડફેટે લેતાં ફંગોળાયા હતા.

આ અકસ્માતમાં કેશભાઈ, પોલાભાઈ અને ભોજભાઈનું મોત નીપજ્યું હતું, જ્યારે કવાભાઈ અને ટીડાભાઈને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી માલવાહક વાહનના ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે. ત્રણેય મૃતક સોનવાડિયા ગામના રહેવાસી હોવાથી નાનાએવા ગામમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે.

# સાબરકાંઠા વિજયનગર પાસે બે બાઈક વચ્ચે અકસ્માત, ૩ લોકોના મોત

વિજયનગર

સાબરકાંઠા વિજયનગર પોલો ફોરેસ્ટ મીની કાશ્મીર તરીકે સમગ્ર ઉત્તર ગુજરાતમાં પ્રસિદ્ધ છે, તેમજ મોટાભાગનો યુવા વર્ગ આ વિસ્તારની મુલાકાત અચૂક લે છે. જોકે દિન પ્રતિદિન વધતા જતા ટ્રાફિકની સાથે સાથે યુવા વર્ગ બાઈકમાં ઓવર સ્પીડના પગલે ક્યારેક કરુણ અંજામ ભોગવે છે. વિજયનગર પોલો ફોરેસ્ટની નજીક આતરસુંબા પાસે બે બાઈક સામે સામે અથડાતા અકસ્માત થયો હતો. જેમાં ઘટનાસ્થળે જ બે વ્યક્તિઓના મોત થયા હતાં, તેમજ અન્ય એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે અન્ય બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થતાં તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડાવામાં આવ્યાં છે.

અકસ્માત કયા કારણસર થયો તે અંગે હજી સુધી જાણી શકાયું નથી. પરંતુ સ્થાનિકોના જણાવ્યા અનુસાર જરૂરિયાતથી વધારે સ્પીડ હોવાના પગલે અકસ્માત થયો હોવાનું પ્રાથમિક તારણ છે. સાબરકાંઠા વિજયનગર નજીક આવેલા આતરસુંબા પાસે બે સામે સામે અથડાયા હતાં. આ દુર્ઘટનામાં ત્રણ વ્યક્તિઓના મોત થયા છે કે અન્ય બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થતા તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયા છે.


સૌથી મહત્વની બાબત એ છે કે આ વિસ્તારમાં પંપ પર પહેલી અકસ્માતની ઘટના બની હોવાથી આસપાસના વિસ્તારના લોકો પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા તેમજ ૧૦૮ મારફતે ઈજાગ્રસ્તોને ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા.સમગ્ર ઉત્તર ગુજરાતનું મીની કાશ્મીર ગણાતા પોલો ફોરેસ્ટમાં છેલ્લા કેટલાક સમયથી હજારોની સંખ્યામાં સહેલાણીઓ આવી રહ્યા છે. ત્યારે મોટાભાગે બાઈક ઉપર આવનારા યુવાવર્ગ આ વિસ્તારમાં અકસ્માતનો ભોગ બને છે.

### ૧૦ વ્યક્તિના હાથ-પગ લકવાગ્રસ્ત થયા

# કોરોનાના દર્દીઓમાં 'ગુલિયન બેરે સિન્ડ્રોમ'ના લક્ષણો જોવા મળતા ડોક્ટરોની ચિંતા વધી


અમદાવાદ,

રાજ્યમાં કોરોના વાઈરસના કેસોમાં હવે ઘટાડો થઈ રહ્યો છે. ખાનગી કોવિડ હોસ્પિટલોમાં ૮૦ ટકા જેટલાં બેડ ખાલી પડ્યાં છે, ત્યારે રાજ્યમાં કોરોનાની બીમારીને હરાવીને સાજા થયેલા દર્દીઓ માટે નવી મુસીબત ઊભી થઈ છે. કોરોનાના સાજા થયેલા દર્દીઓમાં મ્યુકર માયકોસીસ બાદ હવે ગુલિયન બારી સિન્ડ્રોમ નામના રોગે દેખા દીધી છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આવા દસ કેસ સામે આવ્યા છે, અમદાવાદ ઉપરાંત અન્ય જગ્યાએ પણ આ કેસ જોવા મળ્યા હોવાનું જણાવાઈ રહ્યું છે. આ જૂનો રોગ છે, પણ કોરોનામાં સાજા થયેલા દર્દીઓમાં વકર્યો છે, આ રોગમાં હાથ-પગે લકવો મારી જાય છે.અમદાવાદની સિવિલ હોસ્પિટલ ના સુપરિન્ટેન્ડેન્ટ ડો. જે.પી. મોદીએ જણાવ્યું હતું કે સિવિલ હોસ્પિટલમાં અત્યારે ૧૦ જેટલા દર્દી સારવાર લઈ રહ્યા છે, દર હજારે એકને આ રોગ થતો હોય છે, પણ કોરોનામાં સાજા થયેલા દર્દીઓમાં આ રોગ જોવા મળી રહ્યો છે.વાઈરલ ઈન્ફેક્શન થાય તો એના ૨૦



દિવસ પછી પણ આ રોગ થતો હોય છે. આ નવો નહિ, પણ જૂનો રોગ છે. સિવિલ હોસ્પિટલના એક તબીબે જણાવ્યું હતું કે પોસ્ટ કોવિડ પછી અત્યારે ગુલિયન બારી સિન્ડ્રોમ રોગ વકર્યો છે, કોરોના મટયા બાદ હાથ-પગમાં લકવો થાય છે, પગમાં નબળાઈ આવે છે, બાળકોમાં આ રોગ વિશેષ થતો હોય છે.

# કોરોનાને કારણે ગુજરાત સરકારના બજેટનું કદ ૩૦ ટકા સુધી ઘટાડવા કવાયત



ગાંધીનગર,

રાજ્યના તમામ વિભાગો પાસે નાણાં વિભાગે અંદાજો તૈયાર કરવા માટેની સૂચના આપી,નાણાં, આરોગ્ય, શહેરીવિકાસ,શિક્ષણ અને પંચાયત વિભાગોમાં બજેટ વધુ રહી શકે છે. કોરોના મહામારીના કારણે સરકારી તિજોરીને મોટો ફટકો લાગ્યો છે અને તેની અસર હેઠળ રાજ્ય સરકારના બજેટ કદમાં અંદાજીત ૩૦ ટકાનો ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા છે. એટલું જ નહીં નવા બજેટમાં આરોગ્ય ક્ષેત્રમાં વધુ નાણાંની ફાળવણી કરવામાં આવે તેવી શક્યતા છે. નાણાં વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે, રાજ્ય સરકારે તમામ વિભાગોને બજેટ અંદાજમાં ૨૫થી ૩૦ ટકાનો કાપ મુકવા જણાવ્યું છે.

ડિસેમ્બર મહિનામાં જ રિવાઈઝ બજેટ તૈયાર કરવામાં આવશે. કોરોના મહામારીને કારણે બે મહિનાનું લોકડાઉન અને ત્યારબાદ પણ વેપારધંધા રેગ્યુલર શરૂ થઈ શક્યા ન હતા.પરિણામે જી.એસ.ટી, વેટ, સ્ટેમ્પડયુટી સહિતના વેરાની વસુલાતમાં મોટો ઘટાડો નોંધાયો છે. તો, બીજી બાજુ કોરોના મહામારીના કારણે આરોગ્ય ક્ષેત્રે ખર્ચ વધી ગયો છે. જેથી આરોગ્ય સેવાઓમાં વધુ નાણાં ફાળવણી કરવામાં આવે તેવી શક્યતા છે, જ્યારે તમામ વિભાગોને નવા બજેટ અંદાજો તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષ માટેનું ૨.૧૭ લાખ કરોડનું બજેટ પસાર કરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકારના સૂત્રોએ જણાવ્યું હતું કે, નવેમ્બર મહિનાના અંત સુધીમાં રાજ્ય સરકારની કુલ આવક ૪૫૮૯૪ કરોડ રહી હતી તે બજેટના અંદાજની સરખામણીએ માત્ર ૪૫.૩૦ ટકા છે. હવે નાણાંકીય વર્ષને આડે માત્ર ચાર મહિના બાકી છે. આવક વધારવા માટે કોઈ કઠોર પગલા લઈ શકાય તેવી સ્થિતિ નથી. આખા વર્ષની કુલ આવક અંદાજ કરતા માંડ ૬૫થી ૭૦ ટકાએ પહોંચી શકે તેમ છેપરિણામે આવક-ખર્ચના અંદાજોમાં મોટો તફાવત રહેવા તથા આર્થિક પાસાઓ વેરવિખેર થઈ જવાની આશંકા છે.

# ભારતમાં કોરોના રસીનો પહેલો જથ્થો ૨૮મી ડિસેમ્બરના રોજ દિલ્હી આવશે




ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના વાયરસના ખાત્મા માટે કેન્દ્ર સરકારે કમર કસી લીધી છે અને ટૂંક સમયમાં લોકો કોવિડ-૧૯ રસીથી રસી લેવાનું શરૂ કરશે. મીડિયા રિપોર્ટ મુજબ ભારતમાં કોરોના રસીનો પહેલો જથ્થો ૨૮મી ડિસેમ્બરના રોજ દિલ્હી આવવાનો છે. ચાલો આપને જણાવી દઈએ કે દેશમાં ચાર જુદી-જુદી કંપનીઓ કોરોના રસીની તૈયારી કરી રહ્યું છે. થોડાંક દિવસ પહેલાં પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ટૂંક સમયમાં દેશમાં કોરોનાની રસી લગાવાશે.

દિલ્હી એરપોર્ટના સીઈઓ વિદેહકુમાર જયપુરિયાએ આજે આ અંગે માહિતી આપી છે. તેમણે કહ્યું કે ૨૮મી ડિસેમ્બરના રોજ કોરોના વેક્સીનનો પહેલો જથ્થો આવશે. આપણે દરરોજ ૮૦ લાખ શીશીઓ એક દિવસમાં હેન્ડલ કરવાની ક્ષમતા ધરાવે છે. ભારતમાં કોવિશિલ્ડ રસીનું ટ્રાયલ ઘણા સમય પહેલાથી ચાલી રહ્યું હતું અને તે રસીની રેસમાં મોખરે છે.

કેન્દ્ર સરકારે ચાર મહિના પહેલા જ રાજ્ય સરકારો સાથે કોવિડ રસીકરણ માટેની તૈયારી શરૂ કરી હતી. રાજ્ય, જિલ્લા અને બ્લોક સ્તરે ટાસ્ક ફોર્સ બનાવવામાં આવી છે. દેશભરના કોવિડ રસીકરણમાં સામેલ સ્વયંસેવકોને તાલીમ આપનારા માસ્ટર ટ્રેનર્સને તાલીમ અપાઈ ચૂકી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષ વર્ધનના જણાવ્યા અનુસાર ૨૬૦ જિલ્લાઓમાં ૨૦,૦૦૦થી વધુ લોકોને ટ્રેનિંગ આપવામાં આવી છે.

કો-વિન નામનું એક ડિજિટલ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે, જે કોવિડ-૧૯ રસી વિતરણનું રીઅલ-ટાઈમ મોનિટરિંગ થઈ શકશે. તેની મોબાઈલ એપ્લિકેશન પણ વિકસિત કરવામાં આવી છે. હર્ષવર્ધને કહ્યું, "કો-વિનને એક એવા પ્લેટફોર્મ તરીકે વિકસિત કરવામાં આવી છે જ્યાં રસીને તેના તાપમાનની સાથે ટ્રેક કરાશે. આ સંભવિત લાભકર્તાને તેની બીજી માત્રા મળે અને પ્રમાણપત્ર ન આપવામાં આવે ત્યાં સુધી તેની વિગતો પણ રાખવામાં આવશે.




## સુરતની કિરણ હોસ્પિટલની ઘોર બેદરકારીના કારણે એક બાળકીએ ગુમાવ્યો જીવ



સુરત,

કોરોના કાળમાં હોસ્પિટલોમાં ઘોર બેદરકારીના કારણે અનેક દર્દીઓના મોત થયા હોવાની અનેક ઘટના પ્રકાશમાં આવી ચૂકી છે, ત્યારે સુરતની કિરણ હોસ્પિટલની ઘોર બેદરકારીના કારણે એક બાળકીને પોતાનો જીવ ખોવાનો વારો આવ્યો છે. હોસ્પિટલ સત્તાધીશોએ બાળકી જીવિત હોવા છતાં તેને બ્રોડડેડ લખી રીફર કરી નાંખી હતી, જેથી અડધા કલાકમાં બાળકીનું મોત થયાનો આરોપ પરિવારજનો કરી રહ્યા છે. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે જીવિત બાળકીને ઈન્ટરનલ હેમરેજથી મોત થયું હતું. તમને જણાવીએ કે સુરતની કિરણ હોસ્પિટલમાં દાદરા પરથી પડતા બાળકીને દાખલ કરાઈ હતી. પરંતુ પરિવારજનોને મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ ઘટના વિશે જણાવીએ તો, સુરતની કિરણ હોસ્પિટલની મોટી બેદરકારી સામે આવી છે. સુરતના કતારગામ શાસ્ત્રી નગર ખાતે રહેતા અરવિન્દભાઈ પાંડવની બે વર્ષની પુત્રી આર્મી ૧૯ ડિસેમ્બરના રોજ ઘરમાં દાદર પરથી પટકાઈ હતી. જેના કારણે ગંભીર રીતે ઘવાયેલી આર્મીને સુરતમાં આવેલી કિરણ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. હોસ્પિટલની લીલીયાવાડી ના કારણે રાત્રે ૧૦ વાગ્યે ડોક્ટરોએ કેસ પેપર પર બ્રોડડેડ અને દામા ડિસ્ચાર્જ લખીને સ્મીમેર હોસ્પિટલમાં રીફર કરી દીધી પણ પરિવારના સભ્યો તેને સિવિલ લઈ આવ્યા હતા. બે વર્ષની જીવીત બાળકી કે જેનું નામ આર્મી છે, જેણે બ્રોડ ડેડ લખી સ્મીમેર હોસ્પિટલમાં ખસેડી પોતાના ત્યાંથી ડીસ્ચાર્જ કરી દેવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. જ્યારે બાળકીની સિવિલ હોસ્પિટલમાં અડધો કલાક સારવાર થયા બાદ બાળકીનું મોત થયું. આ વિશે વધુમાં જાણવા મળી રહ્યું છે કે, સુરતની બે વર્ષની બાળકીને જ્યારે રાત્રે ૧૧:૨૦એ લાવવામાં આવી ત્યારે બાળકીનું હૃદય ચેક કર્યું તો ચાલી રહ્યું હતું. ત્યારબાદ સારવાર શરૂ કરવામાં આવી હતી. જેમાં વેન્ટીલેટર પર સારવાર દરમિયાન રાત્રે ૧૧:૫૦એ માસુમ આર્મીનું મોત નિપજ્યું હતું.

# મંગળ બન્યો અમંગળ: જુદા જુદા અકસ્માતમાં ૧૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા




ગાંધીનગર,

ગુજરાતમાં મંગળવારના દિવસે અમંગળ ઘટનાઓની વણઝાર લાગી છે. સવારે ભરૂચમાં અકસ્માતમાં એકનું બાળકનું મોત થયુ હતુ જ્યારે મહેસાણામાં ૩ શિક્ષકોના મોત થયા હતા. અને સવારે કલોલમાં ગેસલીકેજને કારણે થયેલ બ્લાસ્ટમાં ૨ લોકોના મોત થયા હતા. વળી સવારે દમણમાં પણ વેપારીના દીકરાનું અકસ્માતમાં મોત થયું હતુ. ખેડામાં પણ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું હતુ. અને હવે જામનગરમાં ૩ લોકોના મોત થયા છે. અમદાવાદથી પાટણ દર્શન માટે જઈ રહેલા એક પરિવારને પણ અકસ્માત નડ્યો હતો જેમાં દીકરીનું મોત થયું હતું. જામનગર અકસ્માતમાં ૩ લોકોના મોત થતા ફફડાટ ફેલાયા છે. શહેરની ભાગોલે મોરકંડા પાટીયા પાસે અકસ્માત થયો છે. માલવાહક ટોમ્પોએ ૪ પદયાત્રીઓને અડફેટે લીધા હતા અને ૩ વ્યક્તિઓના મોત થયા છે અને એક ગંભીર રીતે ઘાયલ છે.

કલોલમાં ગેસ પાઈપલાઈનમાં આગ લાગી હતી જેને પગલે બે મકાનો ધરાશાયી થઈ ગયા હતા જેને પગલે ૨ લોકોના મોત થયા હતા અને ૪ લોકો ઘાયલ થયા હતા. મહેસાણામાં ગમખ્વાર અકસ્માતમાં ૩ શિક્ષકોના મૃત્યુ થયુ છે. પાંચોટ તળાવમાં કાર ખાબકતા મહેસાણાથી નોકરીએ જઈ રહેલા ૩ શિક્ષકો મૃત્યુને ભેટ્યા છે. કાર ચલાવતી વખતે શ્વાન વચ્ચે આવતા કાર ચાલકે કાબુ ગુમાવ્યો હતો અને કાળ તેમને ભરખી ગયો હતો. આ અકસ્માતમાં ૧ મહિલા અને ૨ પુરૂષના મૃત્યુ પામ્યા છે. આ શિક્ષકો રાધનપુર નજીક મોરવાડ જતા હતા.

ભરૂચ-જંબુસર રોડ પર ગોઝારો અકસ્માત સર્જાયો છે. ઈકો કાર અને કન્ટેનર અથડાયા હતા. અકસ્માતમાં ૭ વર્ષીય બાળકનું મૃત્યુ થયું છે. જેમાં ૩ ઘાયલ છે. તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ખેડામાં અમદાવાદ-ઈન્દોર હાઈવે પર અકસ્માત સર્જાયો હતો. કઠલાલ ઓવર બ્રિજ પાસે અકસ્માત થયો હતો. ઉભેલા ટ્રક પાછળ બાઈક અથડાતા બાઈકચાલકનું ઘટનાસ્થળ પર કરૂણ મોત થયુ હતુ. પોલીસે ઘટનાસ્થળ પર જઈ તપાસ હાથ ધરી હતી. દમણના વરકુંડમાં બાઈક સ્લીપ થતા વેપારી પુત્રનું મૃત્યુ થયું છે. બટાકાના વેપારી ઓમપ્રકાશ ઠાકુરના પુત્ર જયદીપસિંગનું મૃત્યુ થતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. ૧૦૦ની સ્પીડમાં ટર્ન મારવા જતા બાઈક સ્લીપ થયુ હતુ.

બાઈક સ્લીપ થઈ ડિવાઈડર સાથે અથડાતા જયદિપસિંગનું મૃત્યુ થયું હતુ. ૩૮ વર્ષીય જયદીપસિંગની પાછળ બેઠેલા મિત્રને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. અકસ્માત રૂ.૧૦ લાખની કિંમતનું હતું વિદેશી સ્પોર્ટ્સ બાઈક હાર્લી ડેવિડસન હતુ. વેપારી પુત્રના બાઈકની સ્પીડ ૧૦૦થી વધુ હોવાનું સામે આવ્યું છે. શાહીબાગ વિસ્તારમાં આવેલા દધીચિ એપાર્ટમેન્ટમાં રહેતા રાજુજી મફાજી ઠાકોરે અડાલજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ફરિયાદ કરી છે. રાજુજી પત્ની અલકા અને ૧૧ વર્ષની પુત્રી કિંજલ સાથે પાટણ શક્તિ માતાનાં દર્શન કરવા માટે પલ્સર બાઈક પર પોતાના ઘરેથી નીકળ્યા હતા. રાજુજી તપોવન સર્કલ તરફ પહોંચ્યા ત્યારે પુરઝડપે આવેલા ટ્રેલરના ચાલકે બાઈકને અડફેટમાં લીધું હતું. ટ્રેલરની ટક્કરથી રાજુજી, અલકા અને કિંજલ જમીન પર પટકાયાં હતાં, જ્યાં કિંજલના હાથ પર ટાયર ફરી વળ્યું હતું, જ્યારે રાજુજી અને અલકાને સામાન્ય ઈજા પહોંચી હતી. ત્રણેયને સારવાર માટે હોસ્પિટલ લઈ જતાં ડોક્ટરોએ કિંજલને મૃત જાહેર કરી હતી. અડાલજ પોલીસે આ મામલે ટ્રેલરના ચાલક વિરુદ્ધ બેદરકારીથી વાહન ચલાવીને અકસ્માત કરવાના મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# પરિણિતા પાસે સાસરિયાઓએ ૫૦ લાખના દહેજની માંગ કરતા પોલીસ ફરિયાદ

અમદાવાદ,


અમદાવાદમાં ઘરેલુ હિંસાના કિસ્સાઓ જાણે કે એક સામાન્ય બાબત બની ગયા હોય તેવું લાગી રહ્યું છે. શહેરના પોશ એલિસબ્રિજ વિસ્તારમાં રહેતી અને સેટેલાઈટમાં ડોક્ટર સાથે લગ્ન કરનારી પરિણીતા પાસે સાસરીયાઓએ ૫૦ લાખના દહેજની માંગણી કરી હતી. તબીબે તેની પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપી હોસ્પિટલ શરૂ કરવી હોવાથી રુપિયા નહી લાવે તો છુટાછેડા આપી દેવાની ધમકી આપી હતી. આ અંગે એલિસબ્રિજ પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. એલિસબ્રિજમાંપ્રાંગણએપાર્ટમેન્ટમાં રહેતા રૂહાનીબહેન ગોપીનભાઈ ઠાકોર(૨૬)ના લગ્ન ૨૦૧૯માં સેટેલાઈટમાં દીપ બંગ્લોઝમાં રહેતા ધરણ હિરેનભાઈ શાહ (૨૮) સાથે થયાહતા.ધરણરાજસ્થાનમાંએમ.એસ. ઓર્થોપિડીક નો અભ્યાસ કરે છે. લગ્ન બાદ રૂહાનીબહેન સાસરીમાં સંયુક્ત પરિવાર સાથે રહેતા હતા. યુવતીનો આરોપ છે કે લગ્ન બાદ તેના સાસુ સસરા અને નણંદ મ્હેણાંટોંણા મારીને વારંવાર નાની નાની બાબતોમાં ત્રાસ આપતા હતા અને તેના માતા-પિતાએ ૨૫ તોલા સોનાના દાગીના આપ્યા હોવા છતાં પણ તું કરયાવર પૂરતા પ્રમાણમાં લાવેલ નથી, તને કંઈ કામકાજ આવડતું નથી એવું કહીને માનસિક ત્રાસ આપતા હતા. લગ્ન બાદ હનીમુન માટે તેઓ પતિ સાથે ગ્રીસ ગયા ત્યારે પણ તેની સાથે ખરાબ વર્તન કરતો હતો અને અંગત ખર્ચ માટે પૈસા આપતો ન હતો. પતિ રાજસ્થાનના ઉદેપુરમાં એમ.એસ ઓર્થોપેડિકનો અભ્યાસ કરે છે. પતિ જ્યારે અભ્યાસ માટે જયપુર ગયો ત્યારે સાસરીયા રૂહાનીબહેનને નોકરી માટે દબાણ કરતા તેમણે નોકરી પણ શરૂ કરી હતી. પરંતુ નોકરીના પગારના જે રુપિયા આવતા તે તેમના સાસુ લઈ લેતા હતા. એટલું જ નહીં તેના સાસરીયા તેના પર શંકા કુશંકા રાખતા હતા અને ઘરમાં સીસીટીવી પણ લગાવ્યા હતા.યુવતીનાનણંદતેને અવારનવાર ગર્ભધારણ કરવા માટે દબાણ કરતા હતા અને તેનો પતિ માસિક દરમિયાન અને આરોગ્ય સારું ન હોય તો પણ સંબંધ બાંધવા દબાણ કરતો હતો અને માર મારીને ગાળાગાળી કરતો હતો. યુવતીના પતિને અમદાવાદમાં એક હૉસ્પિટલ શરૂ કરવાની હોય તેના માતા-પિતા પાસેથી રૂપિયા ૫૦ લાખ લઈ આવવા માટે પણ દબાણ કરતા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમ શારીરિક અને માનસિક ત્રાસ આપ્યા બાદ ફરિયાદી યુવતીને ઘરમાંથી કાઢી મૂકતા તેને તેના પતિ સાસુ-સસરા અને નણંદ વિરોધમાં પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે. પોલીસે આ સમગ્ર મામલે ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

## એનઆરઆઇ પતિએ પરિણિતાને પ્રથમ રાત્રિએ બાધા હોવાથી અલગ રહેવું પડશે કહેતા ભાટ તૂટી પડયું

અમદાવાદ,

હાંસોલમાં રહેતી અને બેંકમાં જોબ કરતી યુવતીની લગ્નની પ્રથમ રાત્રિએ પતિએ દૂર રહેવાનું પસંદ કર્યું. જે આ યુવતીને ત્યારે તો ખૂંચ્યું નહીં. પણ તરત જ જ્યારે પતિ હનીમૂન માટે થાઈલેન્ડ લઈ ગયો ત્યારે તેના આંખમાં સોણલા સપનાં અને ખરેખરી પ્રથમ રાત્રિના વિચારોથી હૃદય અનેરા રોમાંચથી ધબકતું હતું. થાઈલેન્ડ પહોંચીને સુહાગ રાત્રિ હજુ તો શરૂ જ થઈ ત્યાં યુવતી પર જાણે આભ ફાટયું. પતિએ ત્યાં પણ શારીરિક સંબંધ બાંધવાની આનાકાની શરૂ કરી. પત્નીને ફાળ પડતાં પુછપરછ કરી તો વરવી વાસ્તવિકતા સામે આવી કે, તેનો પતિ તો નપુંસક છે. પતિએ જ કબૂલ્યું હતું કે, બાળપણમાં બાલ્કનીમાંથી નીચે પડી જતાં તેના ગુપ્તભાગે ઈજા થઈ હતી. આ સંદર્ભમાં જે ઓપરેશન કરાવ્યું તેના પરિણામે નપુંસકતા આવી. યુવતીએ આ હકીકત છુપાવવા બદલ પતિ, સાસુ-સસરા સામે ફરિયાદ નોંધાવી છે. હાંસોલ વિસ્તારમાં રહેતી અને ખાનગી બેંકમાં ફરજ બજાવતી શિલ્પા (નામ બદલે છે)ના લગ્ન ૨૦૧૮માં હાંસોલમાં રહેતા જતીન (નામ બદલે છે) સાથે થયા હતા. જો કે, સુહાગરાતની રાત્રે પતિએ શારીરિક સંબંધ બાંધવાનું ટાળ્યું હતું અને પત્નીથી દૂર ભાગતો હતો. જે બાદ બન્ને દંપતિ હનીમૂન માટે થાઈલેન્ડ ગયા હતા. ત્યાં પણ પતિ શારિરીક સંબંધ બાંધવાનો ઈનકાર કરતો હતો. એક તબક્કે તો પત્નીએ શારિરીક સંબંધ બાંધવા માટેની દવા પણ આપી હતી. બીજી તરફ ઘરકામ બાબતે સાસુ-સસરા ત્રાસ આપી પિતાને ઘરેથી દહેજ લાવવા દબાણ કરતા હતા. બ્યુટીપાર્લર ગયેલી શિલ્પાને જતીને મારઝૂડ કરી હતી. આ અંગે શિલ્પાએ પૂર્વ મહિલા પોલીસ મથકે પતિ, સાસરિયા સામે ફરિયાદ કરી છે.

## ગ્રાહકોની માહિતીનું ઓનલાઇન રજીસ્ટ્રેશન ન કરનાર ૩ હોટલના મેનેજરોની ધરપકડ



વડોદરા,

વડોદરા શહેરની હોટલોમાં આશ્રય લેતાં મુસાફરોની માહિતી પોલીસને મળી રહે તે માટે પોલીસે તમામ હોટલ, લોજ અને ગેસ્ટહાઉસમાં રિસેપ્શન કાઉન્ટર ઉપરના કોમ્પ્યુટરમાં પથિક સોફ્ટવેર રાખીને મુસાફરોનું ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાત કરતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. તેમ છતાં છેલ્લા એક મહિનાથી એક પણ મુસાફરની ઓનલાઈન રજીસ્ટ્રેશન ન કરીને માહિતી છુપાવવા બદલ ત્રણ હોટલના મેનેજરની પોલીસે જાહેરનામાના ભંગ બદલ હેઠળ ધરપકડ કરી હતી.

અસામાજિક તત્વો પોલીસથી બચવા હોટલોમાં આશરો મેળવતા હોય છે, જેથી સલામતી અને શાંતિ જળવાઈ રહે તે માટે એસઓજી પોલીસ સતત કાર્યરત છે અને વડોદરા શહેરમાં મુસાફરોને રહેવાની સગવડ પૂરી પાડતા હોટલ, લોજ અને ગેસ્ટહાઉસના સંચાલક તથા જવાબદાર વ્યક્તિએ રિસેપ્શન કાઉન્ટર ઉપર ઇન્ટરનેટ કનેક્શનવાળું કોમ્પ્યુટરમાં પોલીસ દ્વારા આપવામાં આવેલુ પથિક સોફ્ટવેર ઈન્સ્ટોલ કરીને રજીસ્ટરમાં થતી એન્ટ્રીઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાત કર્યું છે અને તે અંતર્ગત જાહેરનામું પણ બહાર પાડ્યું છે, પરંતુ, હજી પણ કેટલીક હોટલ, ગેસ્ટ હાઉસ અને લોજમાં બેદરકારી દાખવવામાં આવી રહી છે.

## કલોલ બ્લાસ્ટઃ સોસાયટીના રહીશો આક્ષેપ સાથે ઉપવાસ પર ઉતર્યા

ગાંધીનગર,

કલોલ તાલુકામાં આવેલી પંચવટી ગાર્ડન સિટીના બે મકાનોમાં ગેસ ભરાવાના કારણે મોટો બ્લાસ્ટ થયો હતો. જેમાં બે મકાનો જમીનદોસ્ત થયા હતા. આ બ્લાસ્ટમાં સોસાયટીની આસપાસના મકાનોના પણ કાચ તૂટયા હતા, ત્યારે સ્થાનિક તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરાઇ ના હોવાના આક્ષેપ સાથે આજે (બુધવાર) સોસાયટીના રહીશોએ ઉપવાસ આંદોલન શરૂ કર્યું છે. મળતી માહિતી પ્રમાણે કલોલમાં જે બ્લાસ્ટ થયો હતો, તેમાં સ્થાનિક તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. જેથી સ્થાનિક લોકોએ તંત્ર પર રોષ ઠાલવ્યો હતો અને તંત્ર દ્વારા હજી સુધી કોઈ જ પ્રકારના નક્કર પગલાં લેવામાં ન આવતા પંચવટી ગાર્ડન સિટીના રહીશો ઉપવાસ પર ઉતર્યા છે.

મંગળવારે વહેલી સવારે કલોલ પંચવટી ગાર્ડન સિટી સોસાયટીમાં બે મકાનોમાં તડાકા પીર બ્લાસ્ટ થયા હતા. જેનું પ્રાથમિક તારણ ઓએનજીસીની પાઈપલાઈનમાંથી ગેસ બહાર આવી રહ્યા હોવાની વાત સામે આવી હતી, પરંતુ ઓએનજીસી દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, ઓરેન્જ સુધીની કોઈ પ્રકારની પાઈપલાઈન સોસાયટી નીચેથી પસાર થતી નથી. જ્યારે સૂત્રો તરફથી મળતી માહિતી પ્રમાણે બંધ ઘરમાં ગેસ ભરાવાને કારણે બ્લાસ્ટ થયાનું અનુમાન આપવામાં આવ્યું છે. જેમાં બંધ મકાનનાં ભોંય તળિયેથી ગેસ લીક થવાનું અનુમાન છે. જ્યારે બંધ મકાનનાં બારી-બારણાં બંધ હોવાથી ગેસ ભરાયો હોઈ શકે, ગેસનો હદ કરતાં વધારે ભરાવો થતાં એકાએક બ્લાસ્ટ થયાનું અનુમાન સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવી રહ્યું છે.

# પ્લોટ સ્કીમ બતાવી ઓએનજીસીના નિવૃત્ત કર્મચારીઓ સાથે બિલ્ડરે લાખો રૂપિયાની છેતરપિંડી આચરી




અમદાવાદ,

આશ્રમ રોડ પર જૂની હાઈકોર્ટ પાસે આવેલી રૂચિ નિર્માણ પ્રાઈવેટ લિમિટેડના બિલ્ડર ભાવેશ જાની અને તેના આસિસ્ટન્ટ ડિરેક્ટરે સાથે મળીને ઓએનજીસીના નિવૃત્ત કર્મચારીઓ સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરી હોવાનું બહાર આવ્યું છે. બિલ્ડર ભાવેશ જાનીએ વૃદ્ધોને બાવળા-બગોદરા હાઇવે પર પ્લોટની સ્કીમ બતાવી લાખો રૂપિયા પડાવી લીધા હતા. જ્યારે વૃદ્ધોએ તેમને બાંધકામ અંગે પૂછતાં ગલ્લાતલ્લા કર્યા હતા. જેથી સ્કીમ અંગે તપાસ કરતા આવી કોઈ સ્કીમ ત્યાં બનાવવામાં જ આવી ન હતી. જમીન અન્ય કોઈના નામે હોવાનું બહાર આવતા ઓએનજીસીના નિવૃત્ત કર્મચારીઓએ ક્રાઈમ બ્રાન્ચમાં આ મામલે ફરિયાદ નોંધાવતા બિલ્ડર ભાવેશ જાની અને પાર્ટનર નાનજી બારીયા વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ડીકેબિન ખાતે આવેલી તેજેન્દ્રનગર સોસાયટીમાં રહેતા સોહનલાલ સુથાર ઓએનજીસીમાંથી નિવૃત્ત થયા છે. ઓએનજીસી કોલોની ખાતે આવેલા મેડિકલ સ્ટોર ખાતે ઇક્મટેક્સ પાસે આવેલી રુચિ નિર્માણ પ્રાઈવેટ લિમિટેડના બિલ્ડર ભાવેશ જાની સાથે તેમનો સંપર્ક થયો હતો. ભાવેશ જાનીએ સોહનલાલને બાવળા બગોદરા હાઈવે પર સિક્સલેન પાસે પ્લોટની રહેણાંક મકાનની સ્કીમ મૂકી હોવાનું કહ્યું હતું અને ૨૦૦ ચોરસ ફૂટ પ્લોટના એક સાથે રૂપિયા આપે તો રૂ. ૩.૭૦ લાખ કહ્યા હતા. ઉપરાંત અન્ય આઠથી ૧૦ નિવૃત્ત કર્મચારીઓએ પણ સ્કીમમાં રોકાણ કર્યું હતું. તમામ પૈસા ચૂકવી આપ્યા હતા.

આ બાબતે બિલ્ડર ભાવેશ જાનીનો ઇક્મટેક્સ ખાતે આવેલી રુચિ હાઉસ ખાતે ઓફિસનો સંપર્ક કરતા કોઈ જવાબ આપ્યો ન હતો. વૃદ્ધોએ બિલ્ડર ભાવેશ જાનીના ત્યાં ધક્કા ખાધા હોવા છતાં કોઈ જવાબ આપ્યો ન હતો. વૃદ્ધોના પૈસાથી ભાવેશ જાનીએ ચાંગોદર કેડીલા કંપની પાસે ગ્રીન પ્લાઝા કોમ્પ્લેક્ષ ઉભું કરી દીધું હતું, એટલું જ નહીં દહેગામ પાસે ૨૦ વીઘા જમીન પણ ખરીદી લીધી હતી. કુલ ૩૧.૪૩ લાખની છેતરપીંડી કરી અન્ય રોકાણકારોના પૈસા પણ પડાવી લીધા હતા. જેથી વૃદ્ધોએ ક્રાઈમ બ્રાન્ચમાં એપ્રિલ ૨૦૨૦માં અરજી કરી હતી. તેના આઠ મહિના બાદ ક્રાઈમ બ્રાન્ચે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

Printer/Publisher/Owner & Editor : NIKITA R. SAXENA •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28, GANDHINAGAR, GUJARAT- 382028
•Published At - 45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI, AHMEDABAD-380019.